PGVCL   પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ   PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ-મેઈલ :- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૪/કવા-૦૩/૧૭-૧૮/ ૧૧૫૦   તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ચાવડા લક્ષ્મણભાઈ તુલશીભાઈ,
ગામ: માટેલ
તા: વાંકાનેર
જી: મોરબી

વિષય :—મીટર બદલી બાબત
સંદર્ભ:— આપની અરજી , તા. ૨૫-૧૦-૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૪/કવા-૦૩/૧૭-૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,   આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વાકાનેર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી નં.-૨, વાકાનેર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૪/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૫–૧૧–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ચાવડા લક્ષ્મણભાઈ તુલશીભાઈ, ગામ: માટેલ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ચાવડા લક્ષ્મણભાઈ તુલશીભાઈ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી નં.–૨, વાકાનેર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વાકાનેર)

રજુઆત કરનાર :બી.ડી.ઝાલાવડીયા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી વાકાનેર)

---

## : હુકમ :

ફરીયાદ : મીટર બદલી બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અ ને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ મા વધુ યુનીટ ના વીજબીલ આવતા હોવાનુ જણાતા, તેઓએ તા.૦૩–૧૦–૧૭ ના રોજ – પીજીવીસીએલ ની સબંધક કચેરી મા – મીટર બદલી અન્વયે ની અરજી આપેલ હોવા છતા – મીટર તા.૨૫–૧૦–૧૭ ના રોજ સુધી બદલાવાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતેની અરજી ના અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે, અરજદાર શ્રી ચાવડા લક્ષ્મણભાઈ તુલશીભાઈ ગ્રાહક નં. : ૮૮૦૧૨/૦૧૪૦૭/૦ થી ઘરવપરાશ વીજજોડાણ ગામ માટેલ ખાતે પીજીવીસીએલ ની ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં–૨ વાંકાનેર હેઠળ ધરાવે છે. અરજદાર દ્વારા તા.૦૩–૧૦–૧૭ ના રોજ સદર વીજ જોડાણ નુ મીટર ફાસ્ટ ફરતુ હોવાની લેખીત ફરીયાદ સબંધક પેટા વિભાગીય કચેરી મા કરેલ હતી. તે અન્વયે, પીજીવીસીએલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી નં–૨ વાંકાનેર દ્વારા તા.૨૬–૧૦–૧૭ ના રોજ સદર વીજ મીટર બદલી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ અંગે નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે અંગે અરજદાર શ્રી દ્વારા તેઓને કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે તા.૦૩–૧૧–૧૭ ના લેખીત સંમતીપત્ર થી જણાવેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફાસ્ટ મીટર બદલી બાબતે ની ફરીયાદ અંગે નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે અંગે અરજદાર શ્રી દ્વારા તેઓને કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે તા.૦૩–૧૧–૧૭ ના લેખીત સંમતીપત્ર થી જણાવેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી દ્વારા તેઓને કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે તા.૦૩–૧૧–૧૭ ના લેખીત સંમતીપત્ર થી પીજીવીસીએલ ને જણાવેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.